# India delivers the 13th batch of medical assistance to Afghanistan

## ભારત અફઘાનિસ્તાનને તબીબી સહાયની 13મી બેચ પહોંચાડે છે

11 ઓક્ટોબર, 2022

અફઘાનિસ્તાનનાં લોકો સાથેનાં આપણા ખાસ સંબંધ સાથેનાં સાતત્યમાં અને અફઘાન લોકોને સહાયતા કરવાની સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવેલી વિનંતીને દ્રષ્ટિમાં રાખતા, ભારત દ્વારા મહત્વની દવાઓ અને પેડિયાટ્રિક સ્ટેથોસ્કોપ, પેડિયાટ્રિક બીપી કફ સાથેનું સ્ફીગ્મોમેનોમીટર મોબાઈલ ટાઈપ, ઈન્ફ્યુઝન પંપ, ડ્રિપ ચેમ્બર સેટ, ઈલેક્ટ્રો કાઉટેરી, નાયલોન સુટ્યુર્સ વગેરે જેવી તબીબી/સર્જીકલ વસ્તુઓ સમાવતી તબીબી સહાયતાની તેરમી બેચ પૂરી પાડવામાં આવી છે. તેઓને કાબુલમાં સ્થિત ઈન્દિરા ગાંધી ચિલ્ડ્રન હોસ્પિટલનાં સત્તાધિકારીઓને સોંપવામાં આવી હતી.

2. આજની તારીખ સુધીમાં, ભારત દ્વારા 45 ટન તબીબી સહાયતા પહોંચાડવામાં આવી છે, જેમાં અતિ-મહત્વપૂર્ણ જીવન બચાવ દવાઓ, એન્ટિ-ટીબી દવાઓ, 5,00,000 ડોઝ કોવિડ રસી, તબીબી/સર્જીકલ વસ્તુઓ વગેરેનો સમાવેશ થયો હતો. આ ઉપરાંત, ભારત દ્વારા અફઘાન લોકો માટે 40,000 મેટ્રિક ટન ઘઉ પણ પહોંચાડવામાં આવ્યા છે.

**નવી દિલ્હી**
**11 ઓક્ટોબર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.